ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

કોલેજ વહીવટ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

By- E-Mail

જા.નં. કવટ/પરચ/૨૦૨૪/ ૨૧૯૪ - ૩૨૪૩ તા.૧૬-૦૨-૨૦૨૪

પ્રતિ,

પ્રમુખશ્રી/આચાર્યશ્રી,

બિનસરકારી અનુદાનિત કોલેજ, તમામ

વિષય: આચાર્યશ્રીના ચાર્જ તથા COGENT Portal ના અપડેશન બાબત.

સંદર્ભ: તા.૧૫-૦૨-૨૦૨૪ના રોજ યોજાયેલ માન.કમિશનરશ્રીની મીટીંગમાં મળેલ સૂચના મુજબ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જયભારત સહ જણાવવાનું કે, આપની કોલેજમાં જયારે-જ્યારે આચાર્યની જગ્યાનો ચાર્જ આપવામાં આવે ત્યારે સિનિયર અધ્યાપકને જ ચાર્જ સોંપણી કરવાની રહેશે. અને તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે તથા COGENT માં તે અંગેનો ડેટા અપડેટ કરવાનો રહેશે. અને કવટ શાખાની ઓનલાઇન એપ્રુવલ કરાવવાની રહેશે.

વધુમાં, ઇનચાર્જ આચાર્ય તરીકે સંબંધિત કોલેજના પગારબિલમાં જે કર્મચારીનું નામ હોય તેને જ હવાલો સોંપવાનો રહેશે, એટલે કે અન્ય કોલેજના આચાર્ય કે કોઇપણ કરાર આધારિત આચાર્ય તેમજ નિવૃત્ત કર્મચારી અને ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે કામ કરી શકશે નહી. તથા COGENT પોર્ટલની સ્ટાફ સહિતની તમામ અદ્યતન વિગતો જે હોય તે અપડેટ કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

ઉપરોક્ત જણાવ્યા મુજબની સૂચનાનું ચૂસ્ત પણે પાલન કરવાનું રહેશે. અન્યથા પે-બિલ કે અન્ય કોઇ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી જે-તે સંસ્થાની રહેશે. જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના:**

- નાયબ નિયામકશ્રી, ડી.પી. શાખા-સદર કચેરી.
- COGENT OSD ( સૂચના મુજબ COGENT મેનુમાં કવટ શાખાનું એપ્રુવલ મેનુ બનાવવા સારૂ)